**દાહોદ જિલ્લામાં બુટલેગરો બન્યા બેફામ**

# દારૂની રેડ પાડવા ગયેલા જેસાવાડાના જમાદાર પર બે મહિલા સહિત છ દ્વારા હુમલો

છાશવારે પોલીસ પર થતા હુમલાથી પોલીસ તંત્ર ચિંતિત બન્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
દાહોદ જિલ્લામાં જેસાવાડા પોલીસ મથકના હદ વિસ્તારમાં છરછોડા ગામે સિમોડા ફળિયામાં દારૂની રેડ પાડવા ગયેલા જમાદાર પર થયેલાની ઘટનાએ પોલીસ તંત્રની ચિંતા વધારી દીધી છે. પોલીસ સ્ટેશનના એએસઆઈ જેસાવાડા સિરાજ અબ્દુલ્લા શેખ પોતાના સ્ટીકના માળસાની સાથે લઈ ગઈકાલે બપોરના દોઢેક વાગ્યાના સુમારે છરછોડા ગામના સિમોડા કળિયામાં રહેતા નવલભાઈ હુરસીંગભાઈ ભાભોરના ઘરના બળીયામાં પ્રોહી રેડ પાડી ઢાળિયામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ રૂપિયા ૧૧,૫૪૯ની કિંમતની દારૂની કુલ બોટલ નંગ-૫૧ પકડી પાડી રૂપિયા ૫૦૦૦/-ની કિંમતના મોબાઈલ મળી કુલ રૂપિયા ૧૯,૫૪૬/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ પંચનામું કરવાની તજવીજ હાથ ધરી હતી, તે વખતે બુટલેગર નવલભાઈ ભાભોરે જમાદાર પકડી રાજ્ય સેવકની ફરજ સિરાજ અબ્દુલ્લા શેખને કોલર બજાવતા રોક્યો હતો, જ્યારે સારુલભાઈ કાંતિભાઈ ભાભોરે નિભાઈ ભાભોરે પોલીસની સરકારી ગાડી રોકી ગેરકાયદે અવરોધ ઊભો કર્યો હતો. તેમજ નવલભાઈ ભાભોર, કાંતિભાઈ મોતીભાઈ ભાભોર, સારુલભાઈ કાંતિભાઈ ભાભોર, સતિષભાઈ કાંતિભાઈ ભાભોર તથા શાંતાબેન ભાભોર, મંજુલાબેન મોતીભાઈ નવલભાઈ ભાભોર વગેરે ભેગા મળી કાયદા વિરુદ્ધ ગેરકાયદેસર મંડળી બનાવી કુંકાયદે સહ એક સંપ થઈ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા જમાદાર સિરાજ અબ્દુલ્લા શેખના શર્ટનો કોલર પકડી શર્ટ ફાડી નાખી ડાબા હાથની ખોળીએ ઈજા પહોંચાડી હતી તેમજ જાહેર બજારમાં હુલ્લડ કરી ગેરવર્તન કરી જાનથી મારી નાખવાની જેસાવાડા પોલીસ સ્ટેશનના એએસઆઈ સિરાજ ચક્રો ગતિમાન કર્યા છે.અબ્દુલ્લા શખે જેસાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જેસાવાડા પોલીસે છરછોડા ગામના સિમોડા ફળિયાના ઉપરોક્ત બે મહિલા સહિત છ જણા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત**

# માતૃ-શિશુ આરોગ્ય યોજનાઓનો વ્યાપક લાભ મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત, વડોદરા દ્વારા નેશનલ હેલ્થ મિશન અંતર્ગત જિલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ માસિક ગાળા દરમિયાન વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ હજારો લાભાર્થીઓને સહાય પૂરી પાડી જિલ્લા આરોગ્ય તંત્રએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

માતૃ-બાળ કલ્યાણ યોજનાઓનું અમલીકરણ જનની સુરક્ષા યોજના અંતર્ગત એપ્રિલ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં જિલ્લાના કુલ ૧૩૮૫ લાભાર્થીઓને સંસ્થાકીય સુવાવડ માટે પ્રોત્સાહિત કરી રૂ. ૯.૫૯ લાખની સહાય આપવામાં આવી છે. તો, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ આ જ સમયગાળા દરમિયાન ૧૩૧ સગર્ભા માતાઓને વિનામૂલ્યે સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે, જેમાં અંદાજે રૂ. ૨૬,૧૩૭નો ખર્ચ કરવામાં આવ્યો છે.
નમોશ્રી અને પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ચાલતી પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (PMMVY) હવે 'નમોશ્રી' યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. આ યોજના હેઠળ એપ્રિલ- ૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫ ના સમયગાળા દરમિયાન ૩૮૨૦ લાભાર્થીઓને રૂ. ૧.૩૯ કરોડની સહાય ચૂકવાઈ છે. જ્યારે, નમોશ્રી યોજનામાં અત્યાર સુધીમાં ૧૫,૭૬૮ લાભાર્થીઓની નોંધણી કરી, રૂ. ૩ કરોડથી વધુની રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં (ડી.બી.ટી. મારફતે) જમા કરવામાં આવી છે.

## ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા આજે પંચમહાલ જિલ્લાના પ્રવાસે

ગોધરા : બુધવારના રોજ પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા જિલ્લાવાર સંગઠનાત્મક પ્રવાસ અંતર્ગત પંચમહાલ જિલ્લાના પ્રવાસે જશે. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા સવારે 11.00 કલાકે મલાવ કૃપાળુ આશ્રમ, કાલોલ ખાતે યોજાનાર કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે. ત્યારબાદ તેઓ સાંજે 4.30 કલાકે મહેંદી બંગલોઝ, વાવડી, ગોધરા ખાતે યોજાનાર કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. આ પ્રવાસ દરમિયાન પ્રદેશ અધ્યક્ષ દ્વારા સંગઠનાત્મક મુદ્દાઓ, આવનારી કામગીરી તથા પક્ષને વધુ મજબૂત બનાવવા માટે કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરવામાં આવશે. પંચમહાલ જિલ્લાના ભાજપા કાર્યકર્તાઓમાં આ મુલાકાતને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ચાર્જઝોન દ્વારા સપ્તાહભરના સ્પોર્ટ્સ અને ફિટનેસ વીકનુ આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ નેટવર્ક્સમાંની એક, ચાર્જઝોનએ પોતાના ઈન-હાઉસ કર્મચારીઓ માટે સપ્તાહભરનો સ્પોર્ટ્સ અને ફિટનેસ વીક આયોજન કર્યો, જેમાં ચાર્જઝોન અને બિલિયનઈના સહકર્મચારીઓ એકસાથે આરોગ્ય, ટીમવર્ક અને સકારાત્મક ઊર્જાની ઉજવણીમાં જોડાયા. પહેલે સંસ્થાની સર્વાંગી સુખાકારી અને લોકો-કેન્દ્રિત કાર્યસંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી.સપ્તાહની શરૂઆત દૈનિક ચળવળ અને વ્યક્તિગત ફિટનેસ લક્ષ્યોને પ્રોત્સાહન આપતી વિવિધ ફિટનેસ ચેલેન્જીસથી થઈ. કર્મચારીઓએ પુશ-અપ્સ, પ્લેન્ક, સ્ક્વોટ્સ અને સીડીઓ ચઢવા જેવી શક્તિ આધારિત પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેના કારણે આરોગ્યપ્રદ સ્પર્ધા અને પરસ્પર પ્રેરણાનું વાતાવરણ સર્જાયું. આ પ્રવૃત્તિઓએ સમગ્ર સપ્તાહ માટે શિસ્ત, સ્થિરતા અને સામૂહિક ઊર્જાનો માહોલ તૈયાર કર્યો. મધ્ય સપ્તાહ દરમિયાન ચેસ, કેરમ અને જેંગા જેવી ઈન્ડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભાગ લેનારાઓએ ઉત્સાહજનક વાતાવરણમાં વ્યૂહાત્મક વિચાર, સંકલન અને અનૌપચારિક ટીમ બોન્ડિંગનો આનંદ લીધો.સ્પોર્ટ્સ અને ફિટનેસ વીકનું સમાપન બોક્સ ક્રિકેટ અને ટગ ઑફ વોર જેવી ઊર્જાભરેલી રમતો સાથે થયું, જ્યાં ટીમવર્ક, ચપળતા અને ખેલભાવના કેન્દ્રસ્થાને રહ્યા. આ પહેલ અંગે વાત કરતાં, કિન્નરી હરિયાણી, ડિરેક્ટર, ચાર્જઝોનએ જણાવ્યું કે, "સ્પોર્ટ્સ અને ફિટનેસ વીકએ અમારી કાર્યસંસ્કૃતિની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરી- શિસ્ત, ઊર્જા અને સંયુક્ત પ્રયાસ. ખાસ કરીને અમારી મહિલા સહકર્મચારીઓએ મેદાનમાં અને મેદાન બહાર દરેક પડકારમાં જે ઉત્સાહ અને દ્રઢતા દર્શાવી, તે ખરેખર પ્રેરણાદાયક રહ્યું.

# શંકર પેકેજિંગ્સ લિમિટેડ દ્વારા 'શંકર પ્રીમિયર લીગ (SPL) 2026'નું આયોજન




(પ્રતિનિધિ) વડોદરા, તા.10
શંકર પેકેજિંગ્સ લિમિટેડ દ્વારા ચાર તબક્કામાં આયોજિત 'શંકર પ્રીમિયર લીગ (SPL) 2026'નું સફળ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આંતરિક ક્રિકેટ લીગમાં કંપનીના કર્મચારીઓ અને મેનેજમેન્ટે ટીમવર્ક, ખેલભાવના અને ઉત્સાહનો ઉત્તમ પરિચય આપ્યો હતો. આ વર્ષે લીગમાં કુલ 32 ટીમો અને 420 ખેલાડીઓએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટ દરમિયાન કુલ 31 મેચો રમાઈ હતી. સ્પર્ધાને સંતુલિત બનાવવા ટીમોને ગ્રુપ A (સ્ટાફ) અને ગ્રુપ B (વર્કર્સ) એમ બે વિભાગમાં વહેંચવામાં આવી હતી. લીગ મેચો બાદ 16 ટીમો ક્વાર્ટર ફાઈનલમાં, ત્યારબાદ સુપર-8 અને સેમિફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી. 8 ફેબ્રુઆરી 2026ના રોજ યોજાયેલી ફાઈનલ મેચમાં બજરંગ XI (ગ્રુપ A) અને શિવ ચેલેન્જર્સ XI (ગ્રુપ B) વચ્ચે રોમાંચક મુકાબલો થયો હતો. ઉત્તમ પ્રદર્શન સાથે બજરંગ XIએ SPL 2026નો ખિતાબ જીત્યો હતો.ફાઈનલ બાદ યોજાયેલા પુરસ્કાર સમારંભમાં 31 ખેલાડીઓને 'મેન ઓફ ધ મેચ' એવોર્ડ આપવામાં આવ્યા હતા. સાથે બેસ્ટ બેટ્સમેનને ઓરેન્જ કેપ અને બેસ્ટ બોલરને પર્પલ કેપ તથા ટ્રોફી આપવામાં આવી હતી.

**મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાશે**

# રામેશ્વર મહાદેવ મંદિર ખાતે ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન

તારીખ 17 મી ફેબ્રુઆરી સોમવારના રોજ લઘુરુદ્ર, શ્રીફળ હોમ અને સાંજે મહાપ્રસાદીનુ આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા શહેરના પૂર્વ વિસ્તારના વાઘોડિયા રોડ પ્રભુ નગર પાસે આવેલ પારુલ સોસાયટી જીવન શાંતિ સોસાયટી ની મધ્યમાં આવેલ રામેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે તારીખ 14 મી ફેબ્રુઆરી શનિવારના રોજ મહાઆરતી સાંજે 6-00 કલાકે સુંદરકાંડ પાઠ રાત્રિના આઠ કલાકે રીધમ કુમાર ઠક્કર ગ્રુપ, આ પ્રસંગે મુખ્ય અતિથિ ગર્ભવતીના લોકલાડીલા ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા બ્રહ્મશક્તિ મહિલાના પ્રમુખ શ્રીમતી મીનાબેન મહેતા તથા ધ્રુમિલભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહેશે .તારીખ 15 મી ફેબ્રુઆરી રવિવારના રોજ મહાશિવરાત્રી સવારે પ્રભુ ના અલૌકિક દર્શન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ફેરણી કાર્યક્રમ સાંજે 5-30 કલાકે, રાત્રિના 8-00 કલાકે વાત્સલ્ય ગ્રુપ મનોજભાઈ જોષી વૃંદ દ્વારા ભજન સંધ્યા, તારીખ 17 મી ફેબ્રુઆરી સોમવારના રોજ લઘુરુદ્ર હર્ષદભાઈ જોશીની ઉપસ્થિતિમાં સવારે 9-00 કલાકે અને શ્રીફળ હોમવાનો સમય સાંજે પાંચ કલાકે અને સાંજે 7-30 કલાકે મહા પ્રસાદીનું સુંદર આયોજન રામેશ્વર મહાદેવ સેવા સમિતિ ના આયોજકો દ્વારા શ્રદ્ધાળુઓ ને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પણ આપવામાં આવે છે.

### ઘડિયાળી પોળ કોલાખાડી શિવમંદિરે પણ કાર્યક્રમો યોજાશે

આ ઉપરાંત શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ઘડિયાળી પોળ, કોલાખાડી ખાતે પણ મહાશિવરાત્રીના પાવન અવસરે હોમાત્મક મહાલઘુરૂદ્ યજ્ઞ તા.૧૫.૦૨.૨૦૨૬ને રવિવારે સવારે ૯ થી પ્રારંભ થશે અને સાંજે ૫.૩૦ કલાકે પૂર્ણાહુતિ થશે દરેક ભક્તો યજ્ઞના દર્શન કરવા હાર્દિક આમંત્રણ પાઠવામાં આવ્યુ છે.

**હલકી ગુણવત્તાના ખાદ્યપદાર્થો વેચતા 6 વેપારીઓને કોર્ટે રૂ. 1.95 લાખનો દંડ ફટકાર્યો**

# વડોદરા જિલ્લામાં ભેળસેળિયા તત્વો સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની લાલ આંખ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા જિલ્લામાં નાગરિકોના જાહેર આરોગ્યની સુરક્ષા અને ખાદ્ય સુરક્ષાના કાયદાના અસરકારક અમલીકરણ માટે હલકી ગુણવત્તાના ખાદ્યપદાર્થોના વિક્રેતાઓ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જિલ્લાના જુદા-જુદા તાલુકાઓમાંથી લેવાયેલા ખાદ્યપદાર્થોના નમૂના 'સબસ્ટાન્ડર્ડ' અને 'મિસબ્રાન્ડેડ' જાહેર થતાં, વડોદરાના નિવાસી અધિક કલેકટરશ્રી અને જિલ્લા એડ્જ્યુડીકેટીંગ ઓફિસરની કોર્ટે કુલ ૬ કિસ્સાઓમાં કસૂરવારોને રૂ. ૧.૯૫ લાખનો દંડ ફટકાર્યો છે. ફુડ સેફ્ટી અધિકારીઓ દ્વારા લેવાયેલા નમૂનાઓ પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા હતા, જેમાં ગેરરીતિ જણાઈ હતી. સાવલીના મંજુસર જી.આઈ. ડી.સી. સ્થિત મે. ડેઝી પ્રોડક્ટ પ્રા. લી. અને મહારાષ્ટ્રની એએકે કામાણી પ્રા.લી. ના જવાબદારોને 'કામાણી ચોકીતા રિફાઈન્ડ વેજીટેબલ ફેટ'ના સબસ્ટાન્ડર્ડ નમૂના બદલ સૌથી મોટો દંડ રૂ. ૮૫,૦૦૦ ફટકારવામાં આવ્યો છે. કરજણ તાલુકાના બામણગામ સ્થિત પારેખ ઈન્ડસ્ટ્રીઝને 'પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર'ના મિસબ્રાન્ડેડ નમૂના માટે રૂ. ૩૦,૦૦૦/- નો દંડ તેમજ ભરથાણા ગામની લે નંદિની હોટલને તૈયાર શાકના સબસ્ટાન્ડર્ડ નમૂના બદલ રૂ. ૪૦,૦૦૦/- નો દંડ કરવામાં આવ્યો છે. સાવલી તાલુકાના પોઈચા ગામ સ્થિત શંકર કોર્પોરેશનના જવાબદારોને 'કેસર મિલ્કશેક' (લૂઝ) ના સબસ્ટાન્ડર્ડ નમૂના માટે રૂ. ૩૦,૦૦૦/- નો દંડ થયો છે. તેમજ વાઘોડિયા તાલુકાના મેઈન બજારમાં મનોજકુમાર સોનકર અને અમોદર સ્થિત રાધે રાધે જ્યુસ સેન્ટરને 'મેંગો મિલ્કશેક'ના સબસ્ટાન્ડર્ડ નમૂના બદલ પ્રત્યેકને રૂ. ૫,૦૦૦/- નો દંડ ફટકારાયો છે. જાહેર આરોગ્યના હિતમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા દ્વારા આગામી સમયમાં પણ આ પ્રકારની સઘન ઝુંબેશ અને કાયદાકીય કાર્યવાહી સતત ચાલુ રહેશે, તેમ ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400069
ગોધરા શાખાઃ શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત)
અધિકૃત અધિકારીઃ અમિતકુમાર સોની, મોબાઈલ નં. 9913333214

### સરફેસી એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા મિલકત વેચાણ માટેની નોટિસ

જેમ કે, આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(4) હેઠળ સુરક્ષિત મિલકતનો કબજો લીધો છે. અને જે મુજબ અધિકૃત અધિકારીએ અગાઉ ઈ-હરાજી નોટિસ બહાર પાડી હતી પરંતુ તેમાં કોઈ સફળ બિડર્સ ન મળતા, હવે સુરક્ષિત મિલકતને 'પ્રાઇવેટ ટ્રીટી' દ્વારા વેચવાનું નક્કી કર્યુ છે. અધિકૃત અધિકારીને આ સંદર્ભમાં સુરક્ષિત મિલકતની ખરીદી માટે કેટલાક રસ ધરાવતા વ્યક્તિઓ તરફથી ઓફર મળી છે. અધિકૃત અધિકારી આથી દેવાદારોને સામાન્ય રીતે નોટિસ આપે છે કે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8 અને 9 મુજબ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા મિલકતનું વેચાણ કરવામાં આવશે. ખાતાની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ નં: | લોન કોડ નં. / શાખાઃ | દેવાદાર / સહ-દેવાદારના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | રિઝર્વ પ્રાઇસ (RP) | 04-01-2026 સુધીની કુલ બાકી લોન રકમઃ | સુરક્ષિત મિલકતનું વર્ણનઃ |
|---|---|---|---|---|---|---|
| 1 | (Loan Code No. 17610000130 / ગોધરા શાખા | શહીદઅનવર અહેસાનમહંમદ શેખ (દેવાદાર), શમીમબાનુ અહેસાનમહંમદ શેખ (સહ-દેવાદાર) | 10-06-2024 ₹ 13,86,551/- | ₹ 9,50,000/- | ₹ 18,20,449/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, G.F અને F.F, મ્યુનિસિપલ હાઉસ નં. 1/665/U, દોસ્તાના સોસાયટી, હુસેની મસ્જિદ રોડ, વોર્ડ નં. 1/1, પ્લોટ નં. 49, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001. સીમાઓઃ પૂર્વમાં - પ્લોટ નં. 48 ફિરોઝભાઈ પઠાણનો ખુલ્લો પ્લોટ, પશ્ચિમમાં - પ્લોટ નં. 50 ગોવિંદભાઈનું મકાન, ઉત્તરમાં - રોડ, દક્ષિણમાં - ખુલ્લો પ્લોટ |

આ સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ છે, જે આથી દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આપવામાં આવે છે કે ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત જે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જમાં છે અને જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની બાકી રકમની વસૂલાત માટે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના આધારે પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવામાં આવશે.
જો દેવાદાર(ઓ) અથવા સહ-દેવાદાર(ઓ) પાસે કોઈ એવો ખરીદનાર હોય જે આપેલી રિઝર્વ પ્રાઇસ કરતાં વધુ કિંમતે મિલકત ખરીદવા તૈયાર હોય, તો દેવાદારે 04-03-2026ના એક દિવસ અગાઉ AHFLને જાણ કરવી પડશે, તો AHFL તેને પ્રાધાન્ય આપશે. જો દેવાદાર 04-03-2026ના એક દિવસ પહેલા જાણ કરવામાં નિષ્ફળ જશે તો AHFL ઉપર જણાવેલ રિઝર્વ પ્રાઇસ પર મિલકતના વેચાણની પ્રક્રિયા આગળ વધારશે.
મિલકત તમામ અસ્તિત્વમાં રહેલા અને ભવિષ્યના બોજ સાથે વેચવામાં આવી રહી છે, પછી ભલે તે AHFLને જાણ હોય કે ન હોય. અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ/હકો/બાકી લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ખરીદદારે પોતાના સંતોષ માટે મિલકતને લગતા તમામ પાસાઓની યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદનાર પછીની તારીખે આ બાબતે અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
વેચાણની તારીખ 04-03-2026 નક્કી કરવામાં આવી છે.

(અધિકૃત અધિકારી)
સ્થળઃ ગુજરાત તારીખઃ 11-02-2026 ફોર આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ


# આમોદમાં ઘર આંગણે પાર્ક કરેલી ગાડીનો ભાવનગરમાં રોહિશા નજીક ટોલ ટેક્ષ કપાયો

**ટોલ પરથી** ખોટા કપાયેલા પૈસા પરત લેવા 17 જેટલા પ્રશ્નોનાં જવાબ આપવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.10
આમોદ નગરમાં ગુજરાત સોસાયટીમાં રહેતા બાબુભાઈ બરફવાળા પોતાના કામ અર્થે શુક્રવારના રોજ મુંબઈ ગયા હતા.તેઓની મેગ્નાઈટ ગાડી જી.જે.16 ડી.એસ.3540પોતાના ઘર આંગણામાં પાર્ક કરેલી હતી છતાં ભાવનગર ખાતે આવેલા રોહિસા ટોલપ્લાઝા નજીક તેઓનો ૧૧૫ રૂપિયાનો ટોલ ટેક્સ કપાયો હોવાનો મેસેજ આવતા તેઓ અચંબિત બની ગયા હતા.જેથી તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી સામે રોષ વ્યકત કર્યો હતો અને પૈસા પરત મેળવવા કાર્યવાહી શરૂ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આમોદમાં ઘર આંગણે પાર્ક કરેલી ગાડીનો ભાવનગર નજીક રોહિસા ટોલ પ્લાઝામાં ઓનલાઈન ટોલટેક્સ કપાઈ જતા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાનું વાહનચાલકો પાસેથી રૂપિયા




ખંખેરી લેવાનું કૌભાંડ જણાઈ રહ્યું છે.ગાડીના માલિક બાબુ બરફવાળાનું કહેવું છે કે 115 રૂપિયા પરત લેવા માટે 17 જાતના પ્રશ્નોના જવાબ આપવા પડે છે ત્યારે જે તે ટોલપ્લાઝાના અધિકારીએ સીસીટીવી કેમેરા ફૂટેજ ચેક કરીને નાગરિકોને તેમના રૂપિયા સરળતાથી પરત આપવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.ઉલ્લેખનીય છે કે અગાઉ પણ વાહનચાલકોના આ રીતે રૂપિયા કપાયા છે ત્યારે આ નેશનલ હાઈવે ઓથોરિટીના ટોલ પ્લાઝાની ટેકનિકલ ખામી છે કે પછી જવાબદાર અધિકારીઓનું મિલિભગતથી ચાલતું વ્યવસ્થિત કૌભાંડ છે તે ચર્ચાનો વિષય બન્યો છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૯/૧૧/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. રાહુલ ચૌધરી, ૨. ચૌધરી રમેશભાઈ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૫,૯૧,૨૪૬.૩૧ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ એકાણું હજાર બસો છેતાલીસ અને એકત્રીસ પૈસા પુરા) તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૨૫,૯૧,૨૪૬.૩૧ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ એકાણું હજાર બસો છેતાલીસ અને એકત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે "શ્યામલ હાઈટ્સ" ના ટાવર –એલ, ના ૧૦મો માળનો ફ્લેટ નં. એલ–૧૦૦૨, કારપેટ એરીયા માપ ૪૮.૧૮ ચો.મી, બાલ્કની માપ ૧.૯૦ ચો.મી, વોશ એરીયા માપ ૧.૮૩ ચો.મી, ટેરેશ માપ ૫૫.૧૮ ચો.મી, વણવહેંચાયેલ કોમન રોડ અને કોમન પ્લોટ માપ ૧૮.૫૮ ચો.મી, વિકસીત જમીનનો બ્લોક/સર્વે નં.૧૩૨/ પૈકી ૨ (જૂનો સર્વે નં. ૧૯૧, ૨૦૦/૨), બ્લોક/સર્વે નં. ૧૩૨ (જૂનો સર્વે નં. ૧૯૧, ૨૦૦/૨), મોજે અંખોલ, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રક્ટ અને સબ ડિસ્ટ્રીકટ. વડોદરા અને જી. વડોદરા, ગુજરાત–૩૯૦૦૧૯ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : પેસેજ, લીફ્ટ અને ફ્લેટ નં. એલ– ૧૦૦૧, **પશ્ચિમ તરફ** : સરકારી રોડ, **ઉત્તર તરફ** : ફ્લેટ નં. એમ– ૧૦૦૨ નુ ટેરેશ, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં. કે ૧૦૦૧ નું ટેરેશ આવેલ છે.

સહિ/–
અધિકૃત અધિકારી
તારીખ : ૦૬/૦૨/૨૦૨૬ આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
સ્થળ : ગુજરાત (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ.
લોન ખાતા નં.: ૧૫૮૭૨૭૬૩૧ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)


# વર્લ્ડ કેન્સર ડેના પ્રસંગે કેન્સર નિવારણ માટે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ અને વેસ્ટર્ન રેલવે વડોદરાની સંયુક્ત પહેલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વર્લ્ડ કેન્સર ડેના પ્રસંગે, ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, વેસ્ટર્ન રેલવે વડોદરા અને સ્ટર્લિંગ હોસ્પિટલ ભાયલી દ્વારા શહેરમાં કેન્સર નિવારણ અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે એક અનોખી પહેલ કરવામાં આવી હતી. આ પ્રસંગે વડોદરા રેલવે સ્ટેશનને ગુલાબી રંગની લાઈટ્સથી પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને કેન્સરથી બચવા માટેના મહત્વપૂર્ણ સંદેશા પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પહેલનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોમાં કેન્સર નિવારણ અંગે જાગૃતિ વધારવાનો અને સમયસર તપાસ, સ્વસ્થ જીવનશૈલી અને યોગ્ય સારવારના મહત્વને ઉજાગર કરવાનો હતો. અવરજવર માટે રેલવે સ્ટેશનની દરરોજ હજારો લોકો મુલાકાત લેતા હોવાથી આ પ્રકારની જાગૃતતા પહેલ દ્વારા સમાજના દરેક વર્ગ સુધી સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પહેલ વિશે વાત કરતા સ્ટર્લિંગ હોસ્પિટલ્સના એમડી અને સીઈઓ સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે, "કેન્સરની કાળજી પ્રત્યે



અમારી પ્રતિબદ્ધતા માત્ર સારવાર સુધી મર્યાદિત નથી. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ગુજરાતના મુખ્ય શહેરોમાં અદ્યતન કેન્સર સારવાર સુવિધાઓ સાથે કાર્યરત છે.

વેસ્ટર્ન રેલવે વડોદરા ડિવિઝન સાથે મળીને રેલવે સ્ટેશનને ઝળહળતું કરવાની આ પહેલ દ્વારા અમે દરેક નાગરિક સુધી કેન્સર નિવારણ અંગે જાગૃતિ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. રેલવે હોસ્પિટલ, વડોદરાના સીએમએસ ડૉ. દીપાલી તિવારીએ જણાવ્યું હતું કે, "કેન્સર નિવારણ માટે સમયસર માહિતી, યોગ્ય જીવનશૈલી અને નિયમિત તપાસ ખૂબ જ જરૂરી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ સાથે મળીને કરાયેલો આ પ્રયાસ લોકોને સ્વસ્થ જીવન તરફ પ્રેરણા આપશે.


**AMUL DAIRY, ANAND, GUJARAT, INDIA.**
KAIRA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD
ANAND 388 001, Gujarat, India. Phone: (02692) 256124, 256224, 256324

**Tender Notice**

Kaira District Co-operative Milk Producers' Union Limited, Anand, popularly known as Amul Dairy having an annual turnover of Rs. 14,000+ crores, invites sealed tenders from eligible bidders for following items.

| Sr.No | Tender Details | Periods | EMD |
|---|---|---|---|
| 1 | Procurement of commercial LPG gas as fuel for our Kaira Union Plants across (India). | One Year | 5,00,000/- |

The details of E-tender can be downloaded free of cost from the Website http://tender.amuldairy.com after online registration.

The on-line tender will be available for access from Dt.11-02-2026 to Dt. 19-02-2026. The completed tender in physical form will be received up to 15.30 hours on 19-02-2026 by Sr. Manager (Purchase), 3rd Floor, Admin Building, Amul Dairy, Anand 388 001, Gujarat, India.

Details regarding eligibility criteria, specifications and other Terms & conditions are available in the tender format from the above website. Amul Dairy reserves the right to accept or reject any or all the tenders without assigning any reason thereof.

Date: 11-02-2026 Managing Director



## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069. દાહોદ શાખાઃ સી.એસ.નં. 5558, S.F.2, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોડી રોડ, દાહોદ -389151 (ગુજરાત)

### ઈ-ઓક્શન સેલ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. જે મિલકત કોઈ જાણીતા બોજા વિના "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે" આધારે વેચવામાં આવશે, જેની વિગતો નીચે આપેલ છેઃ

| ક્ર. નં. | ઉધાર લેનાર/(ઓ) સહ-ઉધાર લેનાર/(ઓ) બાંયધરી આપનાર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | EMD (RPના 10%) | કબજાની પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૩૮૧૧૦૦૦૦૧૭૬/ દાહોદ શાખા) ભાભોર નવલસિંગભાઈ વીરસિંગભાઈ (દેવાદાર) ભાભોર વીરસિંગ ફતુભાઈ, શાંતાબેન વીરસિંગભાઈ ભાભોર અને સુમાબેન નવલસિંગભાઈ ભાભોર (સહ-દેવાદાર) | 09-10-2025 & ₹ 9,99,407/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર પ્લોટ નં. ૨૫૭/એ થી પ્લોટ નં. ૨૬૫ પશ્ચિમ બાજુ પૈકી દક્ષિણ બાજુ સાઈધામ સોસાયટી ઉકરડી રોડ, મુ. ડેલસર, દાહોદ ગુજરાત - ૩૮૯૧૫૧. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. ૨૫૭/એ પૈકીની જમીન, પશ્ચિમ - સોસાયટી રોડ, ઉત્તર - પ્લોટ નં. ૨૫૭/એ અને ૨૬૫ પૈકીની જમીન, દક્ષિણ - પ્લોટ નં. ૨૬૬ અને ૨૫૬ પૈકીની જમીન. | 15,18,750/- | 1,51,875/- | સાંકેતિક |
| 2 | (લોન કોડ નં. ૩૮૧૧૦૦૦૦૨૭૪/ દાહોદ શાખા) પટુક નાસિર મોહમ્મદહનીફ (દેવાદાર) પટુક હીના નાસિર (સહ-દેવાદાર) | 10-11-2025 & ₹ 6,48,655/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ફ્લેટ નં. ૧૦૪, પ્રથમ માળ, આલિફ-૨, ઉકરડી રોડ, પ્લોટ નં. ૪૩, ગામ- ઉકરડી રોડ, જિલ્લો- દાહોદ, ગુજરાત - ૩૮૯૧૫૧. સીમાઓઃ પૂર્વ - ફ્લેટ નં. ૧૦૩ની દીવાલની સીમા, પશ્ચિમ - દીવાલની સીમા અને અન્ય મકાન, ઉત્તર - દીવાલની સીમા અને અન્ય મકાન, દક્ષિણ - ફ્લેટના દરવાજાનો પેસેજ અને ફ્લેટ નં. ૧૦૨ની સીમા. | 7,14,000/- | 71,400/- | સાંકેતિક |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકાર કરેલી શરતો (ટેન્ડર ડોક્યુમેન્ટ્સ) સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડીડી જમા કરાવવાની છેલ્લી તારીખ 17-03-2026 સાંજે 5.00 વાગ્યા સુધી છે, જે ઉપર જણાવેલ શાખાના સરનામા પર જમા કરાવવાની રહેશે. અથવા તેને https://bankeauctions.com પર અપલોડ કરવી. છેલ્લી તારીખ બાદ મળેલા ટેન્ડર દસ્તાવેજને અમાન્ય માનવામાં આવશે અને નામંજૂર કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.
2. https://bankeauctions.com પર મિલકત માટે બિડ/ઓફર (હરાજી તારીખ) ખોલવાની તારીખ 18-03-2026, સમય બપોરે 3.00 વાગ્યાથી 4.00 વાગ્યા સુધી છે.
3. ઉપર ઉલ્લેખિત મિલકત પર કોઈ પણ દેવું બાકી હોય તો AHFL જવાબદાર રહેશે નહીં. મિલકતનું વેચાણ 'એઝ ઈઝ વ્હેર ઈઝ બેસીસ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ બેસીસ' અને 'વ્હોટેવર ઈઝ ધેઅર ઈઝ બેસીસ' કરાશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'ના ફેવરમાં બનાવવો.
5. હરાજી/બિડિંગ વેબસાઇટ https://bankeauctions.com મારફતે 'ઓનલાઇન ઈલેક્ટ્રોનિક બિડિંગ' મારફતે કરાશે. ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં બિડર્સે વેબસાઇટ પર વિગતવાર શરતો વાંચી લેવી.
6. રસ ધરાવતા બિડર્સે તેમના નામ લિન્ક https://bankeauctions.com/registrations/signup મારફતે M/s C 1 INDIA PVT LTD પોર્ટલ પર રજિસ્ટર કરાવવા અને પોતાના યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવા. રસ ધરાવતા બિડર્સને ઈ-હરાજી માટે સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTD તરફથી ઓનલાઇન પ્રશિક્ષણ વેબસાઇટ https://bankeauctions.com મારફતે મળશે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની, સંપર્ક નં. 99133 33214 પર સંપર્ક કરવો અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTDનો સંપર્ક કરવોઃ શ્રી પ્રભાકરન, મોબાઈલ નં.: +91-74182 81709, ઈમેલઃ tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +91-7291981124/25/26. આ તારીખ સુધી AHFL-AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત સંપત્તિઓના વેચાણ, વિસ્થાપન અને/અથવા નિકાલ પર કોઈ પ્રતિબંધ અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
8. વેચાણની વિગતવાર શરતો જાણવા આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સિક્યોર્ડ ક્રેડીટરની વેબસાઇટ www.aadharhousing.comમાં આપેલી લિન્કનો સંદર્ભ લેવો.
9. હરાજી માટે બિડમાં વધારાની રકમ રૂ. 10,000/- છે.
10. આ અખબાર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટા સામાન્ય જાહેર પ્રસાર માટે છે. આ સામગ્રીનું સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, પછી ભલે તે પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો હોય અથવા અન્યથા કોઈપણ માધ્યમથી કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન સખત પ્રતિબંધિત છે. ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ માધ્યમ દ્વારા કોઈપણ અનધિકૃત ઉપયોગ કરવાથી AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં કરવામાં આવી શકે છે.

એસડી/- અધિકૃત અધિકારી
સ્થળઃ ગુજરાત તારીખઃ 11-02-2026 આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ